# જામનગરમાં આજે વડાપ્રધાન મોદી વિશાળ સભા સંબોધશે

## જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંદાજે રૂપિયા ૧૫૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપશે

જામનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ૩ દિવસ સુધી મિશન ગુજરાત અંતર્ગત જંગી પ્રચાર કરશે. ૧૦ ઓક્ટોબરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરની મુલાકાત લેશે. જ્યાં તેઓ પ્રદર્શન મેદાનમાં આશરે ૭૦ હજારથી વધુની જનમેદનીને સંબોધન કરવાના છે. ત્યારે તેમની સભાને લઈને જામનગર વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જામનગરમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ પણ તહેનાત કરી દેવામાં આવ્યા છે.

જામનગરમાં વડાપ્રધાનના આવતીકાલે અનેક વિકાસ કાર્યોની ભેટ આપવાના છે. તેઓ જિલ્લાને અંદાજે રૂપિયા ૧૫૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપશે. વડાપ્રધાન ૯ જેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પીએમ મોદી શહેરના પ્રદર્શન મેદાનમાં અંદાજે ૭૦ હજારથી વધુ જનમેદનીને સંબોધિત કરશે. આ દરમ્યાન તેઓ સૌની યોજનાના બીજા અને ત્રીજા તબક્કાનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનના હસ્તે રૂપિયા ૩૦૦ કરોડથી વધુના ખર્ચે સૌની યોજનાના લિંક-૧ના પેકેજ-૫ અને રૂપિયા ૭૦૦ કરોડથી વધુના ખર્ચે લિંક-૩ના પેકેજ-૭નું લોકાર્પણ થશે.

આ યોજના થકી જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં નર્મદાના નીર પહોંચશે. તેઓ હરિપર ગામે ૧૭૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ૪૦ મેગા વૉટના મેગા સોલાર પાવર પ્લાન્ટનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનની વિશાળ સભાને લઈને જામનગરમાં ૨૦૦૦થી વધુ સુરક્ષા જવાનો તહેનાત કરી દેવામાં આવ્યા છે.

વડાપ્રધાનની જનસભા પહેલા SPGની ટીમે સભા સ્થળની ચકાસણી કરી હતી. બોમ્બ સ્કોર્ડ અને ડૉગ સ્કોર્ડથી સ્થળની તપાસ હાથ ધરવામાં આવી છે. અહીં ૧ રેન્જ આઈજી, ૫ એસપી, ૧૧ ડીવાયએસપી તહેનાત કરવામાં આવ્યા છે. ૩૫ પીઆઈ, ૭૦ પીએસઆઈ સહીત પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

# નેશનલ ગેમ્સનું સફળ આયોજન કરીને ગુજરાતે નવો જ ઈતિહાસ રચ્યો છે

## વિવિધ રાજ્યોમાંથી ગુજરાતના મહેમાન બનેલા વૂશુ અને જૂડોના ખેલાડીઓને રૂબરૂ મળીને રમત માટે પ્રોત્સાહિત કરતાં રમત - ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવી




ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રમત ક્ષેત્રના વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શનમાંમાત્ર ૯૦ દિવસના ટૂંકા ગાળામાં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કરીને ગુજરાતે નવો ઈતિહાસ રચ્યો છે, તેમ રમત - ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે જણાવ્યું હતું.

મંત્રી શ્રી સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી નેશનલ ગેમ્સમાં નાગરિકોનો સહયોગ, રમત પ્રત્યેનો ઉત્સાહ અને રાજ્ય સરકાર દ્વારા રમત માટેની ઉત્તમ વ્યવસ્થા બદલ ભાગ લઈ રહેલા વિવિધ રાજ્યોના ખેલાડીઓ તેમજ રાષ્ટ્રીય રમત એસોસિએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વહીવટી તંત્રનો આભાર માન્યો હતો. નેશનલ ગેમ્સના આયોજનના પરિણામે મલખમના ૧૦ વર્ષીય ગુજરાતી ખેલાડી શૌર્ય જેવા અનેક ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાએ આગવી ઓળખ અને રમત ક્ષેત્રે નવીન પ્લેટફોર્મ ઉપલબ્ધ થયું છે. આજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નનું નવું ભારત છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે ૩૬મી નેશનલ ગેમ્સના સફળ આયોજન બદલ રાત દિવસ મહેનત કરતા ગુજરાતના રમત -ગમત વિભાગ સહિત સમગ્ર વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓને અભિનંદન આપીને મંત્રી શ્રી સંઘવીએ તેમની કામગીરી બિરદાવી હતી.



સેક્ટર નં -૨/સી ગણેશ ચોક ખાતે રામ માનસ કથાનો ભવ્ય પ્રારંભ થયો છે. પરમ પૂજ્ય ગોપાલદાસ બાપુ (છોટે મોરારિબાપુ) ના મુખેથી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહારાજનું ઉપસ્થિત મહાનુભાવોએ ફુલહાર તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. ગણેશચોકને કથા નવ દિવસ સુધી દરરોજ બપોરના ૩ થી ૫ ચાલશે ત્યાં સુધી માનસચોકનું બીરૂદ આપવામાં આવ્યું હતું.



વિવિધ માંગણીઓ સંદર્ભના આંદોલનોને ડામવામાં સરકારને મહ્દઅંશે સફળતા મળી છે તેમ છતાં હજુ છુટાછવાયા આંદોલનો ચાલુ રહ્યા છે. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે VCEના કર્મચારીઓ એકત્ર થયા હતા અને પોતાની માંગણીઓ સંદર્ભે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. VCEના કર્મચારીઓએ સરકારને સોમવાર સુધીનું અલ્ટીમેટન આપ્યુ છે.

# પદ્મસાગર સુરીશ્વરજી મહારાજના હસ્તે કર્મવીર જ્યંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથનું વિમોચન કરાયું



રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજના વરદ હસ્તે “કર્મવીર જ્યંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથ નું વિમોચન કરવામાં આવ્યું. કર્મવીર જ્યંતીલાલ બારોટ ના સ્મૃતિગ્રંથના વિમોચન નિમિતે રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબે જ્યંતીલાલ બારોટ કરેલ કાર્યોની પ્રશંસા કરતા કહ્યું કે જયંતીલાલ બારોટની સેવા નીઃસ્વાર્થ હતી. મોટા પદ અને રાજકરણમાં રહીને પણ તેઓ ઈમાનદાર રહ્યા અને કોઈ પ્રલોભનમાં ન આવ્યા.

જૂના જનસંઘ સાથીદાર તેમજ રાજકીય સાથીદાર એવા શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્વ. જ્યંતીલાલ બારોટ સાથે રહી ને કરેલ કાર્યો અને જયંતીલાલ બારોટ સાથેના તેમના સ્મરણો તાજા કર્યા. તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત તેમના સાથીદાર અને વરિષ્ઠ પ્રચારક રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ શ્રી સુરેશકુમાર જૈનએ કહ્યું કે જયંતીકાકાનું જીવન એક પુસ્તકમાં ન સમાવી શકાય તેટલું વિશાળ હતું. વિશ્વ વેદાંત સમિતિના પ્રમુખ શ્રી આનંદ મહારાજે કહ્યું કે આજના નેતાઓમાં સ્વ.જયંતિલાલ બારોટની તુલનામાં આવે ઓવું દૂર દૂર સુધી કોઈ નથી અને આવા બીજા નેતાઓ થઈ જાય તો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું ભારત સુપર પાવર બની શકે. દરેકે સ્વ.જયંતીલાલ બારોટ વિષે એક સ્વરમાં કહ્યું કે “જયંતિલાલ બારોટ જેવા માણસ ખૂબ ઓછા હોય છે” અને આવા માણસના જીવ કવન પર આધારિત પુસ્તક દરેકને પ્રેરણા આપશે. કાર્યક્રમ ના સમાપન વકત્યવ્યમાં જયંતીલાલના સુપુત્ર તરૂણ બારોટે આમંત્રિત મહેમાનો અને શ્રોતાઓનો આંભાર માન્યો. તેઓએ ભાવુક થતાં ઉમેર્યું કે ૪૭ વર્ષના પપ્પા સાથે મારા સમયકાળમાં મને જેટલું જાણવા મળ્યું તેનાથી વધુ તો આ Smrutigranth બનવાના ૬ માસ દરમિયાન જાણવા મળ્યું.

# સે. ૨૪ના અગ્રણીનું શહેર ભાજપના વોર્ડ-૩ના મહામંત્રીપદેથી રાજીનામું

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચુંટણીમાં ભાજપ દ્વારા તમારા નવા ચહેરા લડાવવામાં આવ્યા હતા અને જે પૈકી ૪૧ જેટલા ઉમેદવારો ચૂંટણી જીત્યા હતા જોકે આ કોર્પોરટરો પૈકી કેટલાંક કોર્પોરેટરો પક્ષમાંજ નવા હોવાથી સંગઠનનાં કાર્યકરો સાથે તાલ મેળવી શકતા નથી. વિસ્તારમાં કામો સંદર્ભ સંગઠનના કાર્યકરો અને પદાધિકારીઓ કોર્પોરેટરોને રજૂઆત કરી ત્યારે તેમની સાથે પણ સામાન્ય નાગરિક જેવું જ વર્તન કરવામાં આવે છે . જેને કારણે ઘણી વખત ભાજપનાં વોટ્સએપ ગ્રૂપમાં કાર્યકરો અને કોર્પોરેટરો વચ્ચે ઘર્ષણ થતું જોવા મળે છે. શહેરના વોર્ડ નં. ૩માં પણ વિસ્તારમાં કામો નહિ થતા હોવાથી તે અંગે ભાજપમાં એક કાર્યકરે વોટ્સએપ ગ્રૂપમાં રોષ ઠાલવ્યો હતો અને આ સંદર્ભે મહિલ કોર્પોરેટર સાથે રકઝક પણ થઈ હતી. જ્યારે વોર્ડનાં મહામંત્રી અજયસિંહ પરમાર દ્વારા મહાનગર ભાજપ પ્રમુખને વિસ્તારમાં પ્રજાલક્ષી કામો નહિ થતાં હોવાનું જણાવીને રાજીનામું આપી દેવામાં આવ્યું છે. આગામી વિધાનસભાની સામી ચૂંટણીએ સંગઠનમાં કોર્પોરેટર અને કાર્યકરો વચ્ચે તાલમેલના અભાવે સર્જાયેલી આ સ્થિતિ ભાજપને ચૂંટણીમાં નુકશાન પણ પહોંચાડી શકે છે. આ એક જ નહિ પરંતુ ઘણા વોર્ડમાં આજ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે જેમાં પાયાના સંગઠનનાં કાર્યકરોની અવગણના થઈ રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

# વડોદરા શહેરમાં રોડની વચ્ચે બાઈક સ્લિપ થતા યુવકે ગુમાવ્યો જીવ

## મૃતક યુવક બાઈક પર પાછળ બેઠો હતો અને રસ્તા પર શ્વાન આવતા બ્રેક મારવામાં આવી તો બાઈક સ્લિપ થયું

વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં રખડતા પશુઓને કારણે અવારનવાર લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. રસ્તા પર રખડતા ઢોરને કારણે ઘણીવાર અકસ્માત થયા હોવાની ઘટનાઓ સામે આવે છે. અને તાજેતરમાં જ એક શ્વાનને કારણે યુવકે જીવ ગુમાવાવનો વારો આવ્યો છે. આ યુવક પોતાના મિત્ર સાથે બાઈક પર બેસીને જઈ રહ્યો હતો અને તે જ સમયે એકાએક શ્વાન સામે આવી જતા બાઈક સ્લિપ થઈ ગઈ હતી. યુવકને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેણે અંતિમ શ્વાસ લીધા હતા.

ઘટનાની વિગતવાર વાત કરવામાં આવે તો, વડોદરા શહેરમાં આવેલી વાઘોડિયા ચોકડી પાસે ખટંબા અર્બન રેસિડેન્સીમાં નિલેશ રમેશભાઈ રાજપૂત રહેતા હતા. ૩૨ વર્ષીય નિલેશભાઈ વ્યવસાયે પ્લમ્બર હતા. સાતમી ઓક્ટોબરના રોજ સાંજના લગભગ સાડા છ વાગ્યે નિલેશ પ્લમ્બિંગના કામ માટે જ ઘરેથી નીકળ્યા હતા. ત્યારપછી રાતના લગભગ સવા નવ વાગ્યે મિત્ર સંજય કનુભાઈ રાજપૂત સાથે બાઈક લઈને વાઘોડિયા રોડ ઉમા ચાર રસ્તાથી કલાદર્શન થઈને ગાજરાબાડી તરફ તેઓ જઈ રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મૃતક નિલેશનો મિત્ર સંજય બાઈક ચલાવી રહ્યો હતો. આ દરમિયાન એકાએક રોડની વચ્ચે શ્વાન આવી જતા સંજયે બ્રેક મારી હતી. અચાનક બ્રેક મારવાને કારણે તેમની બાઈક સ્લિપ થઈ ગઈ અને બન્ને મિત્રો રસ્તા પર ફંગોળાયા હતા. પાછળ બેઠેલા નિલેશને માથાના ભાગે ઈજા થઈ હતી. સંજય રાજપૂતે પોતાના ઈજાગ્રસ્ત મિત્રને હોસ્પિટલ લઈ જવામાં ઉતાવળ કરી હતી. તાત્કાલિક નિલેશને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર શરુ થાય તે પહેલા તો અંતિમ શ્વાસ લીધા હતા.



સમગ્ર ગાંધીનગર જિલ્લામાં નવરાત્રીના પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી હતી. કલોલ તાલુકાની કાંઠા પ્રાથમિક શાળા તથા કાંઠા હાઈસ્કૂલના વિધાર્થીઓ દ્વારા પણ ભવ્ય રીતે નવરાત્રી મહોત્સવ ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાથમિક શાળાના આચાર્ય વિપુલ આર.પટેલ સહિત સ્ટાફે પણ ગરબા રમવાની મોજ માણી હતી.

# સમર્પણમાં શસ્ત્ર, શાસ્ત્ર અને અશ્વ પૂજનનો ત્રિવેણી સંગમ



ગાંધીનગર, તા.૯

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર ૨૫ ગાંધીનગર સંકુલ ખાતે અસુરી શક્તિ પર શક્તિના વિજય એવા દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર, શાસ્ત્ર અને અશ્વ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રતિષ્ઠીત નેતાઓ, આગેવાનો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.દશેરા પર્વ નિમિત્તે દરેક જગ્યાએ શસ્ત્ર પૂજન કરવામાં આવતું હોય છે પરંતુ સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમમાં શસ્ત્ર, શાસ્ત્ર અને અશ્વ પૂજનનો ત્રિવેણી સંગમ કરી નવોજ ચીલો ચાતર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાળી,સ્મૃતિચિહ્ન રૂપે તલવાર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમર્પણના આંગણે પધારેલ સર્વે આમંત્રિત મહેમાનોનું શાલ ઓઢાળી પુષ્પ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.દશેરા પર્વના આ કાર્યક્રમમાં સમર્પણ પરિવારના વિદ્યાર્થીઓએ મલ્લખમ, રોપાસનો, પિરામિડ, ફ્લોર એક્સસાઈઝ અને તલવાર બાજી જેવા પ્રસંગોચીત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, કમલા પુંજ ચેરીટેબલ ટ્રસ્ટ વાવોલના મેનેજીંગ ટ્રસ્ટી અમ્બુસિંહ ગોલ બાપુ,ગાંધીનગર રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ એલ.કે.વાઘેલા ,ગાંધીનગર મહાનગપાલિકના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા , મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, શંકરસિંહ ગોહિલ, લાલસિંહ ચાવડા અને સમર્પણ ચરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી રૂપસિંહ દાદા ઉપસ્થિત રહ્યા હતા. અમ્બુસિંહ ગોલ બાપુએ પ્રસંગોચીત ઉદ્યબોધન કર્યુ હતું જેમાં ક્ષાત્રધર્મ અને પૌરાણિક સંસ્કૃતિની વાતો કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુંદનબા ગઢવીએ કર્યુ હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કિરણસિંહ, ટ્રસ્ટી પીનાકકુમાર અને રૂપસિંહ દાદાએ સર્વેને ઉમળકાભેર આવકાર્યા હતા. કાર્યક્રમની પુર્ણાહુતી રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં સૌએ સાથે સ્વરૂચી ભોજન લીધું હતું.

## વંદે ભારત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે વંદે ભારત ટ્રેઈનમાં અવરજવર કરતા ગુજરાતીઓને મહદઅંશે બોરીવલી, અંધેરી તેમજ દાદર જેવા સ્ટેશન પર સ્ટોપ કરવાનુ હોય છે. જયારે આ ટ્રેઈનનુ સ્ટોપેજ આ સ્ટેશન પર ન હોવાથી તેમણે વધુ મુસાફરી કરી પૈસા અને સમયનો વેડફાટ કરવો પડે છે. આ સ્થિતિમાં વંદે ભારત સીધી સેન્ટ્રલ સુધી જવાના બદલે બોરીવલી અને દાદર , અંધેરી જેવા સ્ટેશન પર સ્ટોપેજ આપવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

## પાવર વિલેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેલવે સુધી અને ડેરીના માધ્યમથી વિકાસ અને આરોગ્યથી અનેક યોજનાઓનું આજે લોકર્પણ અને શિલાન્યાસ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેલવાડામાં સંબોધન કરી રહ્યા છે. દેલવાડામાં પીએમએ રામ રામથી સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાને જણાવ્યુ કે આજે આપણે ભગવાન સુર્યના ધામ મોઢેરામાં છીએ. તેમજ આજે શરદ પૂર્ણિમા છીએ. તેમજ આજે ઋષિ વાલ્મીકિની જયંતી પણ છે. એટલે કે આજે આ ત્રણનો ત્રિવેણી સંગમ છે. હું તમામને શરદ પૂર્ણિમા અને વાલ્મીકિ જયંતીની શુભેચ્છા પાઠવું છે. જ્યારે પણ દુનિયામાં સોલાર એનર્જીની વાત થશે, ત્યારે સહુના મુખે મોઢેરા પહેલુ નામ હશે. કારણે કે મોઢેરા સોલાર પાવર વિલેજ બનનાર સૌપ્રથમ ગામ છે. ૨૧મી સદીના આત્મનિર્ભર ભારત માટે આપણે આપણી ઊર્જાને જરૂરત સાથે જોડાય તેવા જ પ્રયાસ કરવાના છે.આ ઉપરાંત આ પ્રોજેક્ટ હેઠળ ૧૩૦૦થી વધુ ઘરો પર લગાવવામાં આવેલી ૧ કિલોવોટની રૂફટોપ સોલાર સિસ્ટમોને નિઃશુલ્ક લગાવી આપવામાં આવી છે જેના કારણે ગ્રામજનોને વીજળીના બિલમાં ૬૦ ટકા થી ૧૦૦ ટકા સુધીની બચત પણ થશે અને જો વીજળીની બચત થશે તો ગ્રામજનોને વધારાના પૈસા પણ ચૂકવવામાં આવશે.

# શુકન સ્કાય સોસાયટીનાં ખેલાડીઓ જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ૬ ગોલ્ડ મેડલ્સ જીત્યા




ગાંધીનગર, તા.૯

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાની ગાંધીનગર શાખા દ્વારા કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટી ખાતે કરાટેનાં નિઃશુલ્ક પ્રશિક્ષણ વર્ગો ચાલી રહ્યાં છે. તાજેતરમાં કોમ્યુનિટી હોલ, સેક્ટર-૭ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ભાગ લઈ શુકન સ્કાયનાં ખેલાડીઓએ ૬ ગોલ્ડ મેડલ્સ તથા બે સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. આ ઉપરાંત ૧૨ ખેલાડીઓ સેમી ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા.

ગોલ્ડ મેડલ્સ મેળનાર ખેલાડીઓમાં કુ. પલ રાવલ, કુ. આધ્યા પરમાર, કુ. ધ્રુવી જસાણી, મીત સોમાનથે, આદિત્ય ગોયલ અને જશ એચ. પટેલ હતા. જ્યારે સિલ્વર મેડલ્સ મેળવનારમાં કુ. સ્તુતિ જસાણી અને આહન વર્સનેય હતા. આ ખેલાડીઓને તેમના કોચ શિહાન અરવિંદભાઈ રાણા, મદદનીશ કોચ પ્રણવભાઈ વ્યાસ અને સોસાયટીનાં ચેરમન નરેન્દ્રભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## બેના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય મજૂર મનોજ પુત્ર પપ્પુ ઉમર ૧૯ વર્ષનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ સિવાય અન્ય છ મજૂરો પણ અકસ્માતમાં ઘાયલ થયા છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે. ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૧ અરાઈવલ પાસે એલએનટી કંપનીની કન્સ્ટ્રકશન સાઈટ હતી, જ્યાં મિન્ટુ યાદવ કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામનું કામ કરાવી રહ્યો હતો. તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ત્યાં હાજર લોકોની મદદથી બચાવ કાર્ય શરૂ કર્યું. દિલ્હીમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડી રહ્યો છે અને એ વચ્ચે આ અકસ્માત થયો હતો. જેના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં થોડી તકલીફ પડી હતી. હાલ દિલ્હી પોલીસ અકસ્માતની તપાસ કરી રહી છે.